**કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,**
**નાયબ ચીટનીશ શાખા,**
બી–૧૦૬, બી–બ્લોક, પ્રથમ માળ,
જિલ્લા સેવા સદન સાબરકાંઠા, હિંમતનગર
ફોન નં.૦૨૭૭૨–૨૪૦૯૫૭
E-mail:- addcollector-sab@gujarat.gov.in

सत्यमेव जयते

**નં.ડીસી/પીઓએલ–૧/કોવીડ–૧૯/જાહેરનામુ/વશી/૧૨૭૧/૨૦૨૦(૨૨૪)** **તા.૦૭/ ૦૪/૨૦૨૧**

**–// જાહેરનામુ //–**

ગુજરાત સરકારશ્રીના ગૃહ વિભાગના હુકમ ક્રમાંકઃ વિ–૧/કઅવ/૧૦૨૦૨૦/૪૮૨, તા.૦૬/૦૪/૨૦૨૧થી ગુજરાત રાજયમાં કોરોના વાઈરસને નિયંત્રણમાં લેવા સારૂ જરૂરી પ્રતિબંધો મુકવામાં આવેલ છે.

સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાઈરસના સંક્રમણને અટકાવવા સારૂ જરૂરી અમલવારી કરવા માટે અત્રેના ક્રમાંકઃ નં. ડીસી/પીઓએલ–૧/કોવીડ–૧૯/જાહેરનામુ/વશી/૧૨૭૧/૨૦૨૦(૨૨૧), તા.૩૧/૦૩/૨૦૨૧ થી જાહેરનામુ બહાર પાડવામાં આવેલ છે.

વાસ્તે, હું ડૉ.રાજેન્દ્રકુમાર પટેલ આઈ.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો ફોજદારી કાર્યરીતી અધિનિયમ–૧૯૭૩ની કલમ–૧૪૪, નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ–૨૦૦૫ની કલમ–૩૪ અને ગુજરાત એપેડેમિક ડીસીઝ એકટ–૧૮૯૭ અન્વયેના એપેડેમિક ડીસીઝ COVID-19 રેગ્યુલેશન–૨૦૨૦ના નિયમ–૧૨ હેઠળ મને મળેલ સત્તાની રૂએ અત્રેના ક્રમાંકઃ નં.ડીસી/પીઓએલ–૧/કોવીડ–૧૯/જાહેરનામુ/વશી/૧૨૭૧/૨૦૨૦(૨૨૧), તા.૩૧/૦૩/૨૦૨૧થી બહાર પાડવામાં આવેલ જાહેરનામામાં નીચે મુજબ સુધારો કરવા/ અમલવારી કરવા ફરમાન કરૂ છું.

(૧) તા.૧૦/૦૪/૨૦૨૧થી લગ્ન/સત્કાર સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૧૦૦ થી વધુ વ્યકિતઓ એકઠા કરી શકાશે નહી. આ દરમ્યાન કોવિડ સંબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓ યથાવત રહેશે.

(૨) તા.૦૭/૦૪/૨૦૨૧થી તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી રાજકીય, સામાજિક અને અન્ય મેળાવડાઓ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

(૩) કોઈપણ Gathering માં ૫૦ થી વધારે વ્યકિતઓ એકત્રિત થઈ શકશે નહી. આ Gathering દરમ્યાન કોવીડ સંબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓ યથાવત રહેશે.

(૪) જિલ્લાની ખેત ઉત્પાદન બજાર સમિતિઓએ(એ.પી.એમ.સી.) પણ કોવીડ–૧૯ અંગેની માર્ગદર્શક સુચનાઓનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૫) તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી તમામ સરકારી કચેરીઓ તમામ શનિ–રવિમાં બંધ રહેશે. સરકારી કચેરીઓમાં ખુબજ અગત્યની કામગીરી હોય તો જ મુલાકાતીઓને પ્રવેશ આપવાનો રહેશે.

ઉપરોકત બાબતો સિવાય અત્રેના તા.૩૧/૦૩/૨૦૨૧ના જાહેરનામાની તમામ વિગતો યથાવત રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના ફોજદારી અધિનિયમની કલમ–૧૮૮ અને ૨૭૦ તથા ધ એપેડેમિક ડીસીઝ એકટ–૧૮૯૭ની કલમ–૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ–૨૦૦૫ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામાના ભંગ બદલ ફરીયાદ માંડવા માટે પોલીસ સબ ઈન્સ્પેકટર કે તેથી ઉપરની કક્ષાના પોલીસ સ્ટાફને અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાની જાહેર જનતાને જાણ સંબંધીત કચેરીઓએ તેમના નોટીસ બોર્ડ ઉપર સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યા ઉપર નકલ ચોટાડીને તથા માહિતી ખાતાએ વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધીથી કરવાની રહેશે.

આ જાહેરનામુ બહાર પડયા તારીખથી તા.૩૦/૦૪/૨૦૨૧ સુધી (બન્ને દિવસો સહિત) અમલમાં રહેશે. તેમજ આ જાહેરનામુ સમગ્ર સાબરકાંઠા જિલ્લાના વિસ્તારને લાગુ પડશે.

Scanned by CamScanner

આજ તા. ૦૭, માહે:-એપ્રિલ-૨૦૨૧ના રોજ મારી સહી તથા કચેરીના સિકકા સાથે જાહેર જનતાની જાણ તથા અમલવારી માટે આ જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

(ડૉ.રાજેન્દ્રકુમાર પટેલ)
જિલ્લા મેજિસ્ટ્રેટ
સાબરકાંઠા-હિંમતનગર

પ્રતિ,
મેનેજરશ્રી,
સરકારી છાપકામ અને લેખન સામગ્રી ખાતું, વડોદરા
૨/- ઉકત જાહેરનામું રાજયપત્રમાં પ્રસિધ્ધ કરી તેની ૧૦ (દસ) નકલો અત્રે મોકલી આપવા વિનંતી.

**નકલ સવિનય રવાના જાણ સારૂ :-**

- માન.અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ
- માન.અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ
- માન.સચિવશ્રી, આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર તરફ
- કમિશનરશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, જુના સચિવાલય, ગાધીનગર તરફ
- પોલીસ મહાનિર્દેશક અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગાંધીનગર તરફ
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઈન્ટે.), ગાંધીનગર તરફ
- નિયામકશ્રી, માહિતી ખાતુ, ગાંધીનગર તરફ

**નકલ જય ભારત સહ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ ::-**

- મે.જિલ્લા સેશન્સ જજશ્રી, સેશન્સ કોર્ટ હિંમતનગર તરફ
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સાબરકાંઠા, હિંમતનગર તરફ
- પોલીસ અધિક્ષકશ્રી સાબરકાંઠા, હિંમતનગર તરફ

  ૨/- જાહેરનામાની ૨૫ નકલો આ સાથે સામેલ રાખી મોકલી આપેલ છે તો તાબાના અમલદારોને મોકલી આપી પ્રસિધ્ધિ કરાવી અમલવારી કરવા સૂચના આપવા સારૂ.

**નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ. ::-**

- મે.પ્રિન્સીપલ સિવિલ જજ અને જયુડિશિયલ ફ.ક.મેજી.શ્રી હિંમતનગર/ ઈડર/ ખેડબ્રહમા/ પ્રાંતિજ/ વિજયનગર/ વડાલી/ પોશીના/ તલોદ તરફ
- નિયામકશ્રી જિલ્લા ગ્રામ વિકાસ અધિકારીશ્રી સાબરકાંઠા, હિંમતનગર તરફ
- સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારીશ્રી, હિંમતનગર/ ઈડર/પ્રાંતિજ/ખેડબ્રહમા તરફ
- નાયબ પોલીસ અધિક્ષકશ્રી હિંમતનગર/ ઈડર તરફ
- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, સાબરકાંઠા, હિંમતનગર તરફ

  ૨/- આ જાહેરનામાની જાહેરાત જાહેર સ્થળોએ તેની નકલો ચોટાડી પ્રસિધ્ધિ આપવા તથા સમગ્ર સાબરકાંઠા જિલ્લાના વિસ્તારમાં રોગચાળો અટકાવવા આરોગ્ય વિષયક જરૂરી કાર્યવાહી કરવા તથા સબબ જાહેરનામાની અમલવારી કરાવવા જરૂરી પગલા લેવા સારૂ.

- મદદનીશ કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયામક તંત્ર, સાબરકાંઠા, હિંમતનગર તરફ
- વિભાગીય નિયામકશ્રી, એસ.ટી. વિભાગ, સાબરકાંઠા, હિંમતનગર તરફ
- એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી તલોદ/ પ્રાંતિજ/ હિંમતનગર/ ઈડર/ વડાલી/ વિજયનગર/ ખેડબ્રહમા/ પોશીના તરફ અમલ કરવા સારૂ.
- તાલુકા વિકાસ અધિકારીશ્રી તલોદ/ પ્રાંતિજ/ હિંમતનગર/ ઈડર/ વડાલી/ વિજયનગર/ ખેડબ્રહમા/ પોશીના તરફ અમલ કરવા સારૂ.
- સહાયક પ્રાદેશીક વાહન વ્યવહાર અધિકારીશ્રી, સાબરકાંઠા,હિમતનગર તરફ
- ચીફ ઓફિસરશ્રી, નગરપાલીકા તલોદ/ પ્રાંતિજ/ હિંમતનગર/ ઈડર/ વડાલી/ ખેડબ્રહમા તરફ અમલ કરવા સારૂ.



Scanned by CamScanner

- પોલીસ ઈન્સપેકટરશ્રી, પોલીસ સબ ઈન્સપેકટરશ્રી તમામ તરફ ( પો.અધિક્ષકશ્રી સાબરકાંઠા મારફત)
  
  ૨/– પોલીસ સ્ટેશનના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરી તેના પંચરોજ કામની નકલ આપના રેકર્ડ પર રાખવા સારૂ.
- પોલીસ ઈન્સપેકટરશ્રી, સી.આઈ.ડી/ આઈ.બી સાબરકાંઠા, હિંમતનગર તરફ
- જિલ્લા સરકારી વકીલશ્રી, ડિસ્ટ્રીકટ કોર્ટ, સાબરકાંઠા, હિંમતનગર તરફ
- સહાયત માહિતી નિયામકશ્રી, માહિતી ખાતુ, સાબંરકાંઠા, હિંમતનગર તરફ
  
  ૨/– સ્થાનિક વર્તમાનપત્રો, દૈનિક સમાચાર પત્રોમાં હુકમ વિના મુલ્યે પ્રસિધ્ધ કરી અત્રે નકલ મોકલવા નોધ લેવા સારૂ.

DISTRICT MAGISTRATE
ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ
SABARKANTHA DISTRICT HIMATNAGAR

Scanned by CamScanner